## Coid – 19 રોકથામ જોગવાઈઓ અંતર્ગત

## સોશીયલ કલબો  સ્પોર્ટસ- કલબોમાં રાખવાની થતી તકેદારીઓ માટેની SOP

- દરેક પ્રવેશ દ્વારો પર મેમ્બરો - મુલાકાતીઓ માટે સેનેટાઈઝર ડીસ્પેન્સર અને થર્મલ સ્ક્રીનીંગ ફરજીયાત રાખવાનાં રહેશે.
- દરેક પ્રવેશદ્વારે મેમ્બરો - મુલાકાતીઓનાં ફુટવેર સેનીટેશન કરવાની તેમજ લગેજ, પર્સ જેવા સામાનને સેનેટાઈઝ કરવા સારૂ અલ્ટ્રાવાયોલેટ સેનેટાઈઝ બોક્સની વ્યવસ્થા ગોઠવવી ઈચ્છનીય છે.
- કર્મચારીઓ, મેમ્બરો - મુલાકાતીઓ નાં આવન-જાવન તેમજ માલ-સામાનની હેરફેર માટે બની શકે તો અલગ પ્રવેશ રાખવા - બેરીકેટ કરવા તથા  સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરાવવું.
- મેમ્બરો - મુલાકાતીઓને એક સાથે પ્રવેશ ન આપતા ત્રુટક - ત્રુટક સંખ્યામાં જ પ્રવેશ આપવો.
- સમુહ મેળાવડા કે સામાજીક પ્રસંગોનું ગેધરીગ સંપૂર્ણ પ્રતિબંધીત રાખવું.
- પ્રવેશ સમયે સોશીયલ ડીસ્ટન્સનું ( બે વ્યકિત વચ્ચે ઓછામાં ઓછા ૬ ફુટનું અંતર) ફરજીયાતપણે પાલન કરાવવાનું રહેશે. આ માટે જરૂરી સાઈનેજીસ - સર્કલો કરાવવા તેમજ જરૂરી વધારાના કર્મચારીઓ રાખવા.
- પ્રથમ મુલાકાતનાં સમયે મેમ્બરો - મુલાકાતીઓએ તેઓની ટ્રાવેલ હીસ્ટ્રી તેમજ મેડીકલ કન્ડીશનની વિગતો ફરજીયાતપણે નોંધવાની રહેશે, સેલ્ફ ડેકલેરેશન આપવાનું રહેશે અને પોતાનાં  આઈ-ડી કાર્ડની નકલ આપવાની રહેશે.
- ફોર્મ માટે કલબ મેનેજમેન્ટે જરૂરી ફોર્મની વ્યવસ્થા કરવાની રહેશે.  ફોર્મ ભર્યા બાદ હાથ સેનેટાઈઝ કરવા માટે હેન્ડ સેનેટાઈઝર રાખવાનું રહેશે. વિગતો ટચલેશ સિસ્ટમ - એપ દ્વારા કરાવવામાં આવે તે વધુ ઈચ્છનીય છે.
- નાણાંકીય આપ-લે બની શકે તો કયુ.આર. કોડ, ઓનલાઈન - ડીજીટલ પેમેન્ટથી જ કરાવવી અન્યથા રોકડ વ્યવહાર એક-બીજાનો સ્પર્શ ન થાય તે રીતે જ કરવો.
- મેમ્બરો - મુલાકાતીઓએ માસ્ક ફરજીયાત પહેરેલ હોય કે અન્ય બીજી રીતે મોઢાં-નાકને ઢાંકેલ હોય તો જ પ્રવેશ આપવો. દરેકે કલબમાં પુરેપુરો સમય માસ્ક પહેરેલાં રાખવા. આ અંગેની સઘન ચકાસણી કલબ મેનેજમેન્ટે કરવાની રહેશે.
- માસ્ક વગર આવતા મેમ્બરો - મુલાકાતીઓ માટે માસ્કની સુવિધા ઉપલબ્ધ કરવી - માસ્ક વેન્ડીગ મશીનો ગોઠવવા.

- લીફટનાં ઉપયોગમાં પણ સોશીયલ ડીસ્ટન્સનું પાલન થાય તે માટે પ્રોપર માર્કીંગ કરવું.
- એસ્કેલેટર ઉપર મેમ્બરો - મુલાકાતીઓ એકાંતરે પગથીયે ઉભા રહે તે મુજબ સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરાવવું.
- મેમ્બરો - મુલાકાતીઓને બેસવા માટેની બેઠક વ્યવસ્થામાં પણ સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરવું.
- બાળકોને રમવા માટેનાં ચિલ્ડ્રન પાર્ક - પ્લે એરીયા - ગેમીંગ એરીયા સંપૂર્ણપણે બંધ રાખવા.
- એક થી વધારે વ્યકિતઓનાં વારંવાર સંપર્ક થાય તેવી ગેમો જેવી કે વોલીબોલ, હાઉસી ટમ્બોલા, કાર્ડ રૂમ તથા જોગીંગ પાર્ક તેમજ સ્વીમીંગ પુલો બંધ રાખવાનાં રહેશે.
- કોઇપણ જાતની રમતોની સ્પર્ધા યોજવી નહિ.
- યોગા - જુમ્બા કલાસીસ અને ફીટનેશ જીમ સરકારશ્રીની ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે ચાલું રાખવા.
- હોમ થિયેટરો ચાલુ રાખવા નહિ.
- લોન એરીયામાં બેસવા માટેની વ્યવસ્થા રાખવી નહિ.
- પાન-મસાલા અને ગુટખા તેમજ થુંકવા પર સંપૂર્ણ પ્રતિબંધ રાખવો.
- સતત ઉપયોગમાં આવતા હોય તેવા દરવાજાનાં હેન્ડલો, રેલીંગ્સ, બેન્ચીસ, બાથરૂમો, લીફટનાં બટનોને વારંવાર સેનેટાઇઝ કરવા.
- જમવાનું પિરસવામાં આવતું હોય તે જગ્યાઓમાં,
  - ➢ કુલ સિટીંગ કેપેસિટીનાં ૫૦% થી વધારેનો ઉપયોગ કરવો નહિ.
  - ➢ ગ્રાહકોને બેસવા માટેની બેઠક વ્યવસ્થા સોશીયલ ડીસ્ટન્સીંગનું પાલન થાય તે મુજબની ગોઠવવી.
  - ➢ ડીસ્પોઝેબલ મેનું નો ઉપયોગ કરવામાં આવે તે ઇચ્છનીય છે.
  - ➢ કપડાનાં નેપકીનની જગ્યાએ ડીસ્પોઝલ નેપકીનનો ઉપયોગ કરવો.
  - ➢ બુફે સર્વિસ સોશીયલ ડીસ્ટન્સીંગનું પાલન થાય તે મુજબની રાખવી.
  - ➢ રસોડામાં કામ કરતા કર્મચારીઓએ પણ સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરવાનું તેમજ વેઇટરો - કર્મચારીઓએ ગ્રાહકોને ખાવાનું માસ્ક, ગ્લોઝ, જેવા સુરક્ષાનાં સાધનો પહેરીને જ પીરસવાનું રહેશે.
  - ➢ ગ્રાહકોને બેસવા માટેનાં ટેબલો દરેક વખતે સેનેટાઇઝ કરવાનાં રહેશે.

- ફુડ ડીલીવરી માટેની જગ્યા કે ટેબલ નક્કી કરી અલગ રાખવી.
- હોમ ડીલીવરી કરતા કર્મચારીઓનો દૈનીક ધોરણે થર્મલ સ્ક્રીનીંગ કરેલો હોવો જોઇએ તેમજ શંકાસ્પદ કર્મચારીઓનો કોરોના રેપીડ ટેસ્ટ કરાવવો જોઇએ.
- સોશીયલ ડીસ્ટન્સ્નું પાલન થાય તે મુજબની પેટર્નનો વેઇટીંગ રૂમ અલાયદી જગ્યાએ રાખવાનો રહેશે.
- ડાઇન - ઇન ની જગ્યાએ રૂમ સર્વિસ અને ટેક અવે વ્યવસ્થા ગોઠવવી ઇચ્છનીય છે.

- મેમ્બરો - મુલાકાતીઓએ ઉપયોગમાં લીધેલ માસ્ક, ગ્લોવ્ઝનાં ડીસ્પોઝલ માટે જરૂરી સંખ્યામાં ડસ્ટબીન રાખવા. પુરતા પ્રમાણમાં આ માટેનાં સાઇનેજીસ્ રાખવા.
- વોશરૂમમાં યુરીનલ્સ ત્રણ વચ્ચે એક યુનીટ છોડી તે મુજબ ચાલુ રાખવા.
- ઇન્કવાયરી માટેનાં કર્મચારીની ડેસ્ક સીધો સંપર્ક અટકાવવા માટે પ્લેકસીગ્લાસ કે અન્ય રીતે કવર કરેલી રાખવી.
- **Coid – 19** રોકથામ અંગેનાં માર્ગદર્શન આપતા ઓડીયો - વિઝયુલ, હોર્ડીંગ્સ, સ્ટેન્ડીઓ નાગરીકોને સમજ આપવા જરૂરીયાત મુજબનાં મુકેલા હોવા જોઇએ.
- એ.સી. નું તાપમાન ૨૪ - ૩૦ સેલ્સીયસ વચ્ચે રાખવાનું રહેશે. બની શકે તો શુધ્ધ હવાનું અવર-જર થઇ શકે તે મુજબનાં ક્રોસ વેન્ટીલેશન રાખવા.
- પાર્કીંગ લોટસ્ અને બહારનાં ભાગે પણ મુલાકાતીઓ ભેગા થવા ન જોઇએ તે સુનિશ્ચિત કરવું. વેલેટ પાર્કીંગ કરનારે હેન્ડ ગ્લોવ્ઝ ફરજીયાત પહેરવા અને દરેક ચાવીઓ તેમજ દરેક કારનાં સ્ટીયરીંગ - હેન્ડલો સેનેટાઇઝ કરીને ગ્રાહકોને પરત આપવા.

**<u>ક્લબની હોસ્પીટાલીટી હેઠળ રૂમ ભાડે મેળવી રોકાવા માટેની તકેદારીઓ</u>**

- ક્લબમાં ગ્રાહકો - મુલાકાતીઓએ તેઓની ટ્રાવેલ હીસ્ટ્રી તેમજ મેડીકલ કન્ડીશનની વિગતો ફરજીયાતપણે નોંધવાની રહેશે, સેલ્ફ ડેકલેરેશન આપવાનું રહેશે અને પોતાનાં આઇ-ડી કાર્ડની નકલ આપવાની રહેશે.
- ક્લબમાં ગ્રાહકો - મુલાકાતીઓની વિગતો નોંધવા માટે જરૂરી ફોર્મની વ્યવસ્થા કરવાની રહેશે. ફોર્મ ભર્યા બાદ હાથ સેનેટાઇઝ કરવા માટે હેન્ડ સેનેટાઇઝર રાખવાનું રહેશે. વિગતો ટચલેશ સિસ્ટમ - એપ દ્વારા કરાવવામાં આવે તે વધુ ઇચ્છનીય છે.
- ક્લબમાં ચેક ઇન અને ચેક આઉટ માટેની નાણાંકીય આપ-લે બની શકે તો કયુ.આર. કોડ, ઓનલાઇન - ડીજીટલ પેમેન્ટથી જ કરાવવી અન્યથા રોકડ વ્યવહાર એક-બીજાનો સ્પર્શ ન થાય તે રીતે જ કરવો.
- રૂમ સર્વિસ આપનાર કર્મચારીએ પેકેટ ગ્રાહકનાં હાથમાં આપવાની જગ્યાએ રૂમનાં દરવાજે જ મુકી દેવાનું રહેશે. રૂમ સર્વિસ આપતા કર્મચારીઓનું રોજેરોજ થર્મલ સ્ક્રીનીંગ કરવાનું રહેશે.
- રૂમ સર્વિસ માટે ગ્રાહક અને ઇન હાઉસ સ્ટાફનો સંપર્ક ઇન્ટરકોમ, ટેલીફોન કે મોબાઇલ વડે જ થાય તે પ્રકારની વ્યવસ્થા કરવી.
- આ ઉપરાંત ઉપરોકત એસ.ઓ.પી. મુજબની રાખવાની તમામ તકેદારીઓનું પાલન કરવાનું રહેશે.